# AMULFED DAIRY

A Unit of Gujarat Co-operative Milk Marketing Federation Limited

## Enquiry for Contract ETP maintenance Work

AFD: PUR: ENQ: 2020: 140 28.07.2020

**To:**

**Sub. : Enquiry for Annual Contract for ETP maintenance Work.**

Dear Sir,

We invite your most competitive offer for Annual Contract for Effluent Treatment Plant maintenance Work at our following plant

- **AmulFed Dairy** (A Unit of Gujarat Co - Operative Milk Marketing Federation Limited.), Plot No. - 35, Near Indira Bridge, Ahmedabad - Gandhinagar Highway, Village: Bhat, Dist.: Gandhinagar.

We invite your most competitive offer on the following terms & conditions:

1. You are requested to send us an offer considering the scope of work as mentioned in the ANNEXURE attached herewith.
2. Your offer should reach, AMULFED DAIRY (A Unit Of Gujarat Co - Operative Milk Marketing Federation Limited.), Plot No. - 35, Near Indira Bridge, Ahmedabad - Gandhinagar Highway, Village: Bhat, Dist.: Gandhinagar. Pin No.382 428.
3. **Due Date: 14th August 2020.** Offer received after due date for whatsoever reason may be rejected.
4. The offer should be sent in sealed cover super scribing on the top left hand corner offer for inquiry no. AFD: PUR: ENQ: 2020: 140
5. It is not binding on us to accept lowest offer. Right to reject any or all the offers without assigning any reason is reserved by AmulFed Dairy.
6. Offer which are incomplete or not meeting the conditions or only for part items, are liable for rejections.
7. We would prefer payment term: within 30 days. Your offer should be sent in our format, through Post or Courier & not by Fax or personally.
8. Shift Schedule: As per instruction of concerned ETP In-charge/ monthly basis.
9. On confirmation of awarding annual contract you will have to submit security deposit worth of Rs. 10,000/- by way of DD of any nationalized bank.

Thanking You,

Yours truly,
For AmulFed Dairy

Purchase Department Encl.: Annexure

# AMULFED DAIRY

A Unit of Gujarat Co-operative Milk Marketing Federation Limited

**SCOPE OF WORKS**

**Scope of Work for ETP Operation & Maintenance:-**

**First Shift**

| Sr. No. | Description | Numbers of Workers Required |
|---|---|---|
| 1 | Anaerobic Plants (Big B.T. Old B.T. Pumps,Eq-3 Pump area) | 1 |
| 2 | Aerobic Plants (Transfer pump, CL-I, CL-II,F.D. Pump, Aerators etc area) | 1 |
| 3. | Gas Supply area Air Blower, Flushing of Digester, Filter Cleaning etc. | 1 |
| 4. | New ETP 1 MLD Plant Chemical Preparation & other works | 1 |

**Second Shift**

| Sr. No. | Description | Numbers of Workers Required |
|---|---|---|
| 1 | Anaerobic Plants (Big B.T. Old B.T. Pumps,Eq-3 Pump area) | 1 |
| 2 | Aerobic Plants (Transfer pump, CL-I, CL-II,F.D. Pump, Aerators etc) | 1 |
| 3. | Gas Supply area Air Blower, Flushing of Digester, Filter Cleaning etc. | 1 |
| 4. | New ETP 1 MLD Plant Chemical Preparation & Other works. | 1 |

**Third Shift**

| Sr. No. | Description | Numbers of Workers Required |
|---|---|---|
| 1 | Anaerobic Plants (Big B.T. Old B.T. Pumps,Eq-3 Pump area) | 1 |
| 2 | Aerobic Plants (Transfer pump, CL-I, CL-II,F.D. Pump, Aerators etc) | 1 |
| 3. | Gas Supply area Air Blower, Flushing of Digester, Filter Cleaning etc. | 1 |
| 4. | New ETP 1 MLD Plant Chemical Preparation & Other works. | 1 |

**General Shift**

| Sr. No. | Description | Numbers of Workers Required |
|---|---|---|
| 1 | Canteen waste & Dairy other Food waste crushing in crusher , Maintenance work like pump shifting & extra Maintenance & cleaning ETP Internal Area | 2 |

**Note: - biomass charging work to be also done.**

## Details Scope of Works for labors to ensure

(1) **Anaerobic Plant (Big B T, Old BT pumps, Eq-3 Pump & Eq-4 pump area**:- Where every Hrs Flow Check & B.T. Tank level of effluent not to overflow in any condition , if required to open pump & cleaning pump manually required, also Pump Start & stop manually go there at location different area & also APS & Preprocess Recovery pump checking & if required to do service..

(2) **Aerobic Plants (Transfer Pump, CL-I, CL-II, F.D. Pump, Aerators etc area** :- Where every Hrs Flow check, if chocking the pump once open & clean where CL-I Recycle & CL-II Recycle pump also comes this activity once Daily required, Pump house leakage water floor cleaning, also Final Discharge pump Flow reduce that time removing Air & also chock then open the pump & cleaning required. However, We have Aeration Tank I & Aeration Tank no. 2 where Inlet & Outlet channel cleaning required also CL-I & CL-II outlet channel cleaning required Daily, also Aerator any **Maintenance** that time work there some time Motor problem that time dismantle work of Loading & unloading work etc, Checking of Oil level in Gear Box of aerator & Mechanisms. Wasting of Clarifier sludge to SDB area daily required this activity.

(3) **Gas Supply area Air Blower, Flushing of Digester, Filter cleaning etc.: -** Gas supply area is Hazardous Zone of Fire, where one spark can destroy ETP Gas Holder & relative structure, where supply of Gas from Gas Holder to Boiler, Canteen, Parlor, Colony etc. Where One person every shift Monitoring required , every Two Hrs Gap manually moisture to remove from different Moisture Traps also Flushing of Digester required every shift due to Reduce Flow in Digester also Digester Inlet Filter cleaning works every shift Two to three times & any **Maintenance** works help any time any shift like loading & unloading works.

(4) **New ETP 1 MLD Plant Chemical Preparation & other works**: - 1 MLD Plant is automation plant where DAF system where Dissolve the Alum in 200 Liter drums & filling in 1000 Liter syntax tank this activity once every shift required where dosing pump filer cleaning when required also KD Flock 800 Kg dissolve in 1000 Liter Tank for dosing in DAF by dosing pump where Strainer cleaning whenever required in shift to do. New BT level looking and manually valve control as required as instruction of operator to do. ICR top scum cleaning works. MBR Wasting required when required to open valve manually. RO CIP Chemical preparation when required & also MBR CIP Chemical when ever required & also some Loading & Unloading works like Motor & Pumps etc.

(5) **Canteen Waste & Dairy other Food waste crushing in crusher, Maintenance works & ETP Area cleaning: -** Daily Two person required to canteen waste crush in crusher of canteen waste digester this activity in General shift required to do start manually Gas pump of canteen waste Digester, cleaning Canteen waste area Daily also Some **Maintenance** work this Team will take for **Maintenance** works also like oil filling, Cleaning of Filter etc.. (This activity required Two Contract Labours)

## લેબર કોન્ટ્રાકટ માટેની સામાન્ય શરતો અને નિયમો :

1) આ કોન્ટ્રાકટ અંગે કાયદાકીય રજીસ્ટ્રેશન જેવા કે PAN, PF Code અને GST No. ધરાવતા બીડરોને જ પસંદગી આપવામાં આવશે.

2) આ પ્રકારના કામનો બહોળો અનુભવ ધરાવનાર પાર્ટીને પસંદગીમાં અગ્રતા આપવા આવશે.

3) સ્વીકારાયેલ ટેન્ડર ફોર્મનાં ભાવ કોન્ટ્રાકટ આપવા માટે મંજૂર/નામંજૂર કરવાની સત્તા સંસ્થાના જનરલ મેનેજરશ્રી ની રહેશે. સંસ્થાના જનરલ મેનેજરશ્રી, સ્વીકારાયેલ ટેન્ડર ફોર્મનાં ભાવ કોઇ પણ કારણ દર્શાવ્યા વગર નામંજૂર કરી શકશે, જે દરેકને માન્ય રહેશે.

4) કોન્ટ્રાકટર, મંજુર થયેલ કોન્ટ્રાકટ કોઇપણ સંજોગોમાં બીજા કોઇનાં નામે તબદીલ કરી શકશે નહી તેમ જ આ કામગીરી અંગે કોઇ પણ પેટા કોન્ટ્રાકટ આપી શકશે નહી.

5) આ કોન્ટ્રાકટની શરતોના અર્થઘટન અંગે કોઇ મતભેદ ઉપસ્થિત થાય તો સંસ્થાનાં જનરલ મેનેજરશ્રી નો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

6) કોન્ટ્રાકટની મુદ્દત કોન્ટ્રાકટની કામગીરી શરૂ થયેથી એક વર્ષનાં સમય માટેની રહેશે અને કોન્ટ્રાકટની સંતોષકારક કામગીરી અને બંને પક્ષકારેની સંમતીથી કોન્ટ્રાકટ બીજા વર્ષ માટે લંબાવવામાં આવશે. ત્યારબાદ સંસ્થાને જરૂર જણાય તો વધુ મુદ્દત માટે લંબાવી શકશે.

7) કોન્ટ્રાકટરે પ્રતિમાસ તારીખ ૫ (પાંચ) કે તે પહેલાં તેમનું બીલ સંસ્થાને સુપ્રત કરવાનુ રહેશે. બીલ મળ્યેથી ૧૦ (દસ) દિવસમાં ચેકથી બીલનાં નાણાં ચૂકવવામાં આવશે.

8) જો કોઇ પણ સંજોગોમાં કોન્ટ્રાકટરના માસિક બીલ મંજુર કરતી વખતે ભાવ-તાલ અંગે અથવા ખોટી રીતે બીલની આકારણી અથવા સંસ્થાની શરતચુકથી વધારાની રકમ ચુકવેલ હશે તો તે રકમ માસિક બીલમાંથી અથવા સિકયુરીટી ડીપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે.

9) કોન્ટ્રાકટનાં સમય દરમ્યાન, કોન્ટ્રાકટર સામે કોઇ ફરીયાદ કે તેમાં રોકલાં કોઇ કામદારના હક્કોના નાણા કોન્ટ્રાકટરે નહિ ચૂકવેલાં હોય અને/અથવા કોન્ટ્રાકટનો સમય પુરો થયા પહેલાં, કોન્ટ્રાકટર તરફથી કોન્ટ્રાકટનો અંત લાવવામાં આવશે અને/અથવા સદરહું કોન્ટ્રાકટના અમલ દરમ્યાન જો સંસ્થાને લાગશે કે કોન્ટ્રાકટર, કોન્ટ્રાકટની શરતોને આધીન રહીને કામ કરતાં નથી તો સદરહું કોન્ટ્રાકટ અધવચ્ચેથી કોઇ પણ જાતની નોટીસ આપ્યા વગર રદ કરવામાં આવશે. આવા સંજોગોમાં સંસ્થા સિકયુરીટી ડિપોઝીટ જપ્ત કરી શકશે.

10) કોન્ટ્રાકટરે કામગીરી માટે કામગીરી યોગ્યરીતે અને સમયસર પુરી થઇ શકે તે મુજબ પુરતાં કામદારો રોકવાનાં રહેશે.

Stamp & Signature ____________________

11) સંસ્થાંમાં આપવામાં આવેલ કોન્ટ્રાકટની કામગીરી કરાવવાની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. સંસ્થા કામગીરી બાબતે ફકત કોન્ટ્રાકટરને જ સૂચનાં આપશે અને તે પ્રમાણે કોન્ટ્રાકટરે નિયમિત કામગીરી કરવા/કરાવવાની રહેશે.

12) સંસ્થાને કોન્ટ્રાકટરના કોઇપણ એજન્ટ, પ્રતિનિધી કે કામદારને સંસ્થામાં પ્રવેશ આપવાનો ઇન્કાર કરવાનો હકક રહેશે અને તે અંગે સંસ્થા કોન્ટ્રાકટરને તેમ કરવાનું કારણ જણાવવા બંધાયેલ નથી.

13) અમુલફેડ ડેરી એ IMS સર્ટીફાઇડ છે. જેથી કોન્ટ્રાકટરે સંસ્થાંમાં કામે રોકવા માંગતા દરેક કામદારોના મેડીકલ ચેકઅપ સંસ્થા બતાવે તે પ્રમાણે M.B.B.S અથવા તેની સમકક્ષ ડીગ્રી ધરાવનાર ડોકટર પાસે કરાવી સર્ટીફિકેટ સંસ્થામાં જમા કરાવવાનુ રહેશે. અમુલફેડ ડેરીએ ફૂડ પ્રોડકટ બનાવતી સંસ્થા છે અને ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (FSSAI) અને ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ સર્ટીફિકેશન (FSSC 22000) ના નિયમો મુજબ ફૂડ પ્રોડકટ બનાવવાની કામગીરીમાં રોકાયેલ વ્યકિતઓનુ ફુડ હેન્ડલર માટેનું મેડીકલ ચેકઅપ અને રસીકરણ કરાવવાનુ રહેશે.

14) અમુલફેડ ડેરી એ IMS સર્ટીફાઇડ છે અને તેથી આ અંગેની જોગવાઇઓ કોન્ટ્રાકટરને પણ લાગુ પડશે અને એની જોગવાઇઓને અનુસરવાનુ રહેશે. સંસ્થા આ અંગે કોન્ટ્રાકટરને વખતો વખત સુચનાઓ આપશે અને કોન્ટ્રાકટરે તેનાં કામદારોને તે અંગે તાલીમ આપી અને સંસ્થાની IMS પ્રત્યેની જવાબદારી પુરી કરવા માટે સતત સભાન રહેવુ પડશે.

15) અમુલફેડ ડેરીએ GMP (ગુડ મેન્યુફેકચરીગ પ્રેકટીસ)ને અનુસરે છે. તેથી કોન્ટ્રાકટરે કામગીરીમાં રોકેલ કામદારોએ ઘરેણાં જેવા કે વીટી, કડુ, બ્રેસલેટ અને ઘડીયાળ તેમજ અણીદાર વસ્તુઓ પહેરલી અથવા સાથે રાખેલ ન હોવી જોઇએ. કામદારો નિયમિત નખ, વાળ કપાવી, સ્વચ્છ થઇને આવે તેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

16) કોન્ટ્રાકટરે તેમના કામદારોને પર્સનલ પ્રોટેકટીવ ઇકવીપમેન્ટ (પી.પી.ઇ.) આપવાના રહેશે અને તેમના કામદારો પર્સનલ પ્રોટેકટીવ ઇકવીપમેન્ટનો ઉપયોગ કરી કામગીરી કરે તેની તકેદારી રાખવાની રહેશે.

17) ગણવેશની સાથે કોન્ટ્રાકટરે તેમના દરેક કામદારોને સેફટી શુઝ આપવાના રહેશે. સંસ્થામાં રોકેલા કોન્ટ્રાકટરના દરેક કામદારો, સંસ્થા જણાવે તે મુજબનો સ્વચ્છ અને સુઘડ ગણવેશ તેમજ સેફટી શુઝ પહેરીને આવે તેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. જે કામદાર ગણવેશ અને સેફટી શુઝ પહેરીને આવેલ નહી હોય તેને કોન્ટ્રાકટર સંસ્થામાં રોકી શકશે નહી.

18) કોન્ટ્રાકટરે રોકેલ કોઇ કામદાર જો કામ માટે અનુકુળ નહી હોય તો સંસ્થા આ બાબતનુ કોન્ટ્રાકટરને ધ્યાન દોરશે અને તે કામદારની બદલીમાં કોન્ટ્રાકટરે બીજો કામદાર રોકવાનો રહેશે.

Stamp & Signature ____________________

19) જો કોઇ કામદાર સંસ્થાનાં હાયજીન અને સ્વચ્છતાના સ્ટાન્ડર્ડસ મુજબ નહી હોય તો આવા કામદારને કામ પર રાખી શકાશે નહિ અને તેના બદલામાં અન્ય કામદારો પૂરા પાડવાના રહેશે. જો કામકાજ પર અસર થશે તો તેવાં કિસ્સામાં કોન્ટ્રાકટરના બીલમાંથી નાણા વસૂલ કરવામાં આવશે.

20) કોન્ટ્રાકટરે રોકેલા કામદારો કોન્ટ્રાકટરના કામદારો ગણાશે અને તેઓ કોન્ટ્રાકટરના સીધા અંકુશ અને દેખરેખ હેઠળ ફરજો બજાવશે. સંસ્થાનું કોન્ટ્રાકટરના કામદારો પર કોઇ નિયંત્રણ/અંકુશ કે દેખરેખ રહેશે નહી. કોન્ટ્રાકટરના કામદારો સંસ્થાનાં કામદારો તરીકે દાવો કરી શકશે નહી તેમજ તેમનો સંસ્થામાં નોકરી માટે કોઇ હકક ઉભો થશે નહી. કોન્ટ્રાકટરના કામદારો સંસ્થા સામે આવો દાવો કરે તો તે અંગેની કાયદેસરની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

21) સંસ્થા તરફથી ભાવ મંજુર થયાની લેખિતમાં જાણ થયાના દિન-૧૫ માં કોન્ટ્રાકટરે, કોન્ટ્રાકટ લેબર (નિયમન અને નાબુદી) ધારા, ૧૯૭૦ હેઠળ જરૂરી કામદારોની સંખ્યા પ્રમાણેનું લાયસન્સ મેળવી સંસ્થામાં ચકાસણી માટે રજુ કરવાનું રહેશે. લાયસન્સ મેળવવા માટે કોન્ટ્રાકટરને સંસ્થા રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની નકલ તેમજ ફોર્મ-૫ આપશે.

22) કોન્ટ્રાકટરે તેમના કોન્ટ્રાકટમાં રોકેલા દરેક કામદારને પ્રતિમાસ તારીખ ૧૦ (દસ) પહેલાં વેતનની (લઘુતમ વેતન ધારા કરતાં ઓછુ નહી) ચૂકવણી કરવાની રહેશે. વેતન ચુકવણી બેંક દ્વારા જ કરવાની રહેશે. સમયસર વેતન ચુકવણીની જવાબદારી કોન્ટ્રાકટરની પોતાની છે તેમજ વિવિધ મજુર કાયદાઓ હેઠળની જવાબદારીઓ કોન્ટ્રાકટરની સ્વતંત્ર રહેશે. પરંતુ સંસ્થાને કોન્ટ્રાકટરે કાયદાકીય જવાબદારીઓ નિભાવેલ છે કે નહી તે જોવા, જાણવા અને ખાત્રી કરવાનો હકક રહેશે.

23) કોન્ટ્રાકટરે પુખ્ત વયનાં કામદારો જ રોકવાના રહેશે. જેમની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હશે તેવા કામદારોને સંસ્થાના કોન્ટ્રાકટમાં રોકી શકાશે નહિ.

24) કોન્ટ્રાકટરનાં કામદારને કામ કરતાં કોઇપણ પ્રકારની ઇજા કે અકસ્માત થાય તો સારવાર, વળતર તેમજ અન્ય બાબતોની સંર્પૂણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે તેમજ કોન્ટ્રાકટરે રોકવાના થતા મહત્તમ કામદારો પુરતો વર્કમેન કોમ્પેનશેસન એકટ ૧૯૨૩ મુજબ ઇન્સ્યુરન્સ લેવાનો રહેશે અને તે પોલીસીની નકલ સંસ્થામાં જમા કરાવવાની રહેશે.

25) કોન્ટ્રાકટરને એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડ એન્ડ મિસેનલનીયસ પ્રોવિઝન્સ એકટ લાગુ પડે છે. તેથી આ કાયદાની જોગવાઇ મુજબ તેમનાં કામદારોને પ્રોવીડન્ડ ફંડનો લાભ આપવાનો રહેશે. હાલ પ્રોવીડન્ડ ફંડના કાયદા પ્રમાણે ૧૨ % કામદારોનો ફાળો અને ૧૨ % કોન્ટ્રાકટરનો ફાળો તેમજ અન્ય એકાઉન્ટ હેઠળ ભરવાનો થતો ફાળો નિયત સમય મર્યાદામાં દર મહિને પી.એફ. રીજીઓનલ ઓફીસમાં પી.એફ.ના ચલણો ભરી અને બંને ફાળો દર મહિને બેંક દ્વારા જમા કરાવવાના રહેશે. પી.એફ. ભર્યાના ચલણો તેમજ કામદારોનાં નામ સાથે ફાળો દર્શાવતુ પત્રાક સંસ્થામાં જમા કરાવવાનું રહેશે.

Stamp & Signature ____________________

26) કોન્ટ્રાકટરે તેમના કોન્ટ્રાકટમાં રોકેલા કામદારોને બોનસ કાયદા પ્રમાણે ફરજીયાત ચુકવવાપાત્ર થતું બોનસ ચૂકવવાનુ રહેશે. તેની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

27) કોન્ટ્રાકટરે તેમનાં કોન્ટ્રાકટમાં રોકેલા કામદારોને કારખાનાનાં કાયદા મુજબ સવેતન હકક રજા આપવાની રહેશે.

28) કોન્ટ્રાકટરને લાગુ પડતાં તમામ મજૂર કાયદાઓ હેઠળ રાખવાં પડતા જરૂરી દસ્તાવેજો, રજીસ્ટરો/પત્રકો રાખવાનાં રહેશે અને સંસ્થાં જયારે જોવા માંગે ત્યારે બતાવવાનાં રહેશે.

29) કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનીયમ ૧૯૭૦ અને કોન્ટ્રાકટ મજૂર (નિયમન અને નાબૂદી) ગુજરાત નિયમો ૧૯૭૨ હેઠળની આપે તમામ કલમોનુ પાલન કરવાનુ રહેશે તથા અન્ય મજૂરોના હિતના સરકારી જે-તે કાયદાઓની જે તે તમામ જવાબદારીઓ કોન્ટ્રાકટરની રહેશે. આ સાથે બીડેલ **પરિશિષ્ઠ-એ** માં જણાવેલ કાયદાઓનું પાલન કરવાનું રહેશે અને તેમાં જણાવેલ પત્રાક/રજીસ્ટર તેમજ અન્ય પત્રાક/રજીસ્ટર નિભાવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

30) કોન્ટ્રાકટરે પ્રવર્તમાન દરે જી.એસ.ટી. ભરી તેના ચલણો અને રીટર્ન સંસ્થામાં જમા કરાવવાના રહેશે.

31) કોન્ટ્રાકટરે તેમનાં કામદારની નામ અને જન્મ તારીખ સહિતની યાદી આપવાની રહેશે તેમજ કામદારોને તેમની સહી, કામદારોનાં ફોટા, જન્મ તારીખ સાથે કારખાનાના કાયદામાં જણાવ્યા અનુસારના નમુના ૩૬ (રૂલ ૧૧૦-એ) મુજબ ઓળખપત્ર આપવાના રહેશે. જે કામદારે તેમની સાથે કાયમ રાખવાનુ રહેશે.

32) કોન્ટ્રાકટરે કારખાનાના કાયદાની જોગવાઇ મુજબ સંસ્થામાં રોકેલા તેમના કામદારોની વિગતો દર્શાવતુ ફોટા સાથેનુ ઓળખ કાર્ડ રજીસ્ટર સંસ્થામાં નિભાવવાનું રહેશે. અને વખતો વખત તેને અદ્યતન કરવાનુ રહેશે.

33) કોન્ટ્રાકટર, સંસ્થામાં રોકેલા તેમના કામદારો સંસ્થામાં શિસ્ત જાળવે તે માટે જવાબદાર રહેશે. કોન્ટ્રાકટર સંસ્થાની કોઇપણ માલ-મિલકત કે ચીજ-વસ્તુઓની ઘટ કે નુકશાન માટે જવાબદાર રહેશે. કોન્ટ્રાકટરના કામદારો દ્વારા સંસ્થાના માલ-મિલકતના નુકશાન કે ઘટ થાય તો તે તેનાથી **બમણી** રકમ ભરપાઇ કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આવી રકમ કોન્ટ્રાકટરનાં માસીક બીલમાંથી કપાત કરવામાં આવશે.

34) કોન્ટ્રાકટરે સસ્થાંમાં ચાલતાં કોન્ટ્રાકટમાં રોકેલા તેમના કામદારો સંસ્થાંમાં ઉત્પાદીત થતી ચીજ-વસ્તુઓ ખાતા પીતા પકડાશે તો **રૂા. ૨,૦૦૦/-** નો દંડ કરવામાં આવશે તેમજ જે તે કામદારને અમુલફેડ ડેરીમાં ચાલતા કોન્ટ્રાકટમાંથી દુર કરવાનો રહેશે. આવા દંડની રકમ કોન્ટ્રાકટરનાં માસીક બીલમાંથી કપાત કરવામાં આવશે.

Stamp & Signature ____________________

35) કોન્ટ્રાકટરે સસ્થાંમાં ચાલતાં કોન્ટ્રાકટમાં રોકેલા કામદારો સંસ્થામાં ઉત્પાદીત થતી ચીજ-વસ્તુઓ ચોરી કરતાં માલૂમ પડશે તો ચોરી કરેલ પ્રોડકટ કે ચીજ-વસ્તુની કિંમતથી **પાંચ ગણી** કિંમત અથવા **રૂા. ૫૦૦૦/-** જે રકમ વધારે હશે તે રકમ વસુલ કરવામાં આવશે. આવા દંડની રકમ કોન્ટ્રાકટરનાં માસીક બીલમાંથી કપાત કરવામાં આવશે.

36) કોન્ટ્રાકટર દ્વારા કામે રાખવામાં આવેલ કામદારો સંસ્થાનાં કામ પર આવે ત્યારે તેઓ તેમની પાસે મોબાઇલ કે અન્ય કોઇ ઇલેકટ્રોનીક ઉપકરણો સાથે લઇ કામ પર આવે નહી તેની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. આમ કરવામાં કસુર થયેથી કોન્ટ્રાકટરને પ્રથમ કીસ્સામાં **રૂા. ૫૦૦/-** નો દંડ અને ત્યારબાદ આવી ઘટનાનુ પુનરાવર્તન થશે તો કોન્ટ્રાકટ રદ કરવા સુધીના પગલાં લેવામાં આવશે.

37) કોન્ટ્રાકટરનો કોઇપણ કામદાર મેડીકલ ચેકઅપ કરાવ્યા વિના કામ પર માલુમ પડશે તો સંસ્થા તે કામદારનુ મેડીકલ ચેકઅપ કરાવી તે અંગે થયેલ ખર્ચ કરતાં બમણો ખર્ચ કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરશે.

38) સંસ્થાના શિસ્તને લગતા તમામ નિયમો આપના કામદારોને બંધનકર્તા રહેશે તેમજ સંસ્થાના અધિકારી સાથે આપનાં કામદારે શિસ્તપૂર્વક વર્તવાનુ રહેશે. સંસ્થાંને નુકસાન કરતા લાગે તેવા કામદારોને આપ કામ પર લઇ શકશો નહિ. અસભ્ય વર્તન કરનાર અને ચોરી કરનારને તાત્કાલીક અસરથી સંસ્થાના કોન્ટ્રાકટમાંથી દૂર કરવાનો રહેશે. આ પ્રસંગોનુ વારંવાર પુનરાવર્તન થશે તો તેમાં કોન્ટ્રાકટર તરીકે તમારી નિષ્કાળજી ગણવામાં આવશે અને કોઇપણ જાતની નોટીસ વગર કોન્ટ્રાકટ રદ પણ કરી શકાશે.

39) સંસ્થામાં પાન-મસાલા, ગુટખા તેમજ તમાકુજન્ય વસ્તુ ખાવા-પીવાની સખત મનાઇ હોઇ કોન્ટ્રાકટરના કોઇપણ કામદાર તેમ કરતાં માલુમ પડશે તો સંસ્થાના નિતિ-નિયમો મુજબ દંડ કરવામાં આવશે તેમજ જે તે કામદારને કોન્ટ્રાકટર સંસ્થામાંના કોન્ટ્રાકટમાં કામ પર રાખશે નહી આ દંડની રકમ કોન્ટ્રાકટરના બીલમાંથી વસુલ કરવામાં આવશે.

40) કોન્ટ્રાકટર સંસ્થાની જરુરીયાત મુજબ ત્રાણેય શીફટમાં પુરતા કામદારો પુરા પાડવામાં નિષ્ફળ જાય અને તેને લીધે સંસ્થાના કામકાજ પર અસર થાય અથવા બીજા કોઇપણ પ્રકારનુ નુકશાન થાય તો સંસ્થાને યોગ્ય લાગે તેટલો દંડ અને/અથવા યોગ્ય લાગે તેવા પગલા કોન્ટ્રાકટર સામે લઇ શકશે. જો કોઇ કિસ્સામાં કોન્ટ્રાકટર પુરતા કામદારો પુરા પાડવામાં નિષ્ફળ રહેશે તો તેના બદલે સંસ્થાને જે પણ વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડશે તે અંગે થયેલ ખર્ચની રકમ કોન્ટ્રાકટર પાસેથી વસુલ કરવામાં આવશે. આ બાબતે સંસ્થાના જનરલ મેનેજરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

41) સંસ્થા અને કોન્ટ્રાકટર વચ્ચે કોઇપણ જાતનો વિવાદ કે ઝઘડો ઉપસ્થિત થાય તો તે માટે વિવાદનો નિકાલ કરવા માટે ગાંધીનગરની કોર્ટમાં દાવો કરવાનો રહેશે.

42) કોન્ટ્રાકટર આમાંની કોઇપણ શરતોનો ભંગ અથવા શરતોનુ પાલન કરવામાં નિષ્ફળ જાય, સંસ્થાને એવુ જણાય અથવા તો માલૂમ પડશે તો સદર કોન્ટ્રાકટ અધવચ્ચેથી કોઇપણ જાતની નોટીસ વગર અથવા

Stamp & Signature ____________________

કોઇપણ જાતના કારણ દર્શાવ્યા વગર કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે અને આવા સંજોગોમાં સિકયુરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

43) સદરહુ કોન્ટ્રાકટ જરૂર પડે ત્યારે કોઇપણ જાતની નોટીસ આપ્યા વગર સંસ્થા રદ કરી શકશે.

44) કોન્ટ્રાકટનાં સમય દરમ્યાન કોઇ વિવાદ કે ઝઘડો ઉપસ્થિત થાય ત્યારે સંસ્થાના જનરલ મેનેજરશ્રી નો નિર્ણય આખરી રહેશે અને તે બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

**પરચેઝ વિભાગ**
**અમુલફેડ ડેરી, ગાંધીનગર**

ઉપરોકત તમામ વિગતો અને શરતો મેં વાચી, વિચારી તેમજ સમજી લીધેલ છે જે મને બંધનકર્તા છે.

**સાક્ષીનુ નામ અને સહીઃ** **કોન્ટ્રાકટરની સહી અને સિકકો**
**સ્થળ :**
**તારીખઃ**

Stamp & Signature ____________________

# પરિશિષ્ઠ-એ

કોન્ટ્રાકટરે નીચે જણાવેલ વિવિધ મજુર કાયદાઓની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશેઃ

૧. કોન્ટ્રાકટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) એકટ, ૧૯૭૦
૨. પેમેન્ટ ઓફ વેજીસ એકટ, ૧૯૩૬
૩. મીનીમમ વેજીસ એકટ, ૧૯૪૮
૪. એમ્પ્લોયીઝ પ્રોવિડન્ટ ફંડ એન્ડ મિસલેનિઅસ પ્રોવીઝન્સ એકટ એન્ડ ધ સ્કીમ, ૧૯૫૨
૫. ફેકટરી એકટ, ૧૯૪૮
૬. પેમેન્ટ ઓફ બોનસ એકટ, ૧૯૬૫
૭. પેમેન્ટ ઓફ ગ્રેચ્યુઈટી એકટ, ૧૯૭૨
૮. લેબર વેલ્ફર ફંડ એકટ, ૧૯૫૩
૯. વર્કમેન કમ્પેનસેશન એકટ, ૧૯૨૩

આ ઉપરાંત લાગુ પડતા વિવિધ મજુર કાયદાઓની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

કોન્ટ્રાકટરે, કોન્ટ્રાકટ લેબર (નિયમન અને નાબૂદી) અધિનિયમ ૧૯૭૦, ફેકટરી એકટ ૧૯૪૮ તેમજ વિવિધ મજુર કાયદા હેઠળ રાખવા પડતા નીચે જણાવેલ પત્રકો નિભાવવાના રહેશે તથા અન્ય જોગવાઇઓનું પાલન કરવાનુ રહેશે.

1) કોન્ટ્રાકટરે, કોન્ટ્રાકટ અન્વયે ૧૦ કે તેથી વધુ વ્યકિતઓ કામે રાખેલ હોય તો લાયસન્સ મેળવવું જરૂરી છે તેમજ મેળવેલ લાયસન્સ નિયત મુદ્દતે રીન્યુ કરાવવાનું રહેશે.
2) કોન્ટ્રાકટરે દરેક કામે રાખેલા કામદારને હાજરી કાર્ડ આપવાના રહેશે.
3) કોન્ટ્રાકટરે કામદારની વિગતો દર્શાવતુ પત્રક નમૂના ૧૩ મુજબ રાખવાનું રહેશે.
4) કોન્ટ્રાકટરે દરેક કામે રાખેલા કામદારને રોજગાર કાર્ડ નમૂના ૧૪ મુજબ આપવાનાં રહેશે.
5) કોન્ટ્રાકટરે હાજરી પત્રક નમૂના ૧૬ મુજબ રાખવાનું રહેશે.
6) કોન્ટ્રાકટરે પગાર પત્રક નમૂના ૧૭ મુજબ રાખવાનું રહેશે.
7) કોન્ટ્રાકટરે દરેક કામે રાખેલ કામદારને પગાર ચિઠ્ઠી નમૂના ૧૯ મુજબ આપવાની રહેશે.
8) કોન્ટ્રાકટરે કપાત પત્રક નમૂના ૨૦ મુજબ રાખવાનું રહેશે.
9) કોન્ટ્રાકટરે દંડ પત્રક નમૂના ૨૧ મુજબ રાખવાનું રહેશે.
10) કોન્ટ્રાકટરે એડવાન્સ પત્રક નમૂના ૨૨ મુજબ રાખવાનું રહેશે.
11) કોન્ટ્રાકટરે ઓવર ટાઇમ પત્રક નમૂના ૨૩ મુજબ રાખવાનું રહેશે.
12) કોન્ટ્રાકટરે અર્ધવાર્ષિક પત્રક નમૂના ૨૪ મુજબનુ (જાન્યુઆરી થી જૂન અને જુલાઇથી ડિસેમ્બર સુધીનુ) ભરીને મજૂર કમિશ્નર, ગુજરાત રાજય, અમદાવાદને અચૂક મોકલાવવાનું રહેશે.

Stamp & Signature ____________________

13) કોન્ટ્રાકટરે પુખ્ત વયના કામદારોનું પત્રાક કારખાનાના કાયદામાં દર્શાવેલ નમૂના ૧૫ મુજબ રાખવાનું રહેશે.
14) કોન્ટ્રાકટરે સવેતન હકક રજા પત્રાક કારખાનાના કાયદામાં દર્શાવેલ નમૂના ૧૮ મુજબ રાખવાનું રહેશે.
15) કોન્ટ્રાકટરે સવેતન હકક રજા કાર્ડ કારખાનાના કાયદામાં દર્શાવેલ નમૂના ૧૯ મુજબ રાખવાનું રહેશે.
16) કોન્ટ્રાકટરે કામે રાખેલા દરેક કામદારને કારખાનાના કાયદામાં દર્શાવેલ નમુના ૩૬ (રૂલ ૧૧૦-એ) મુજબ ઓળખપત્ર આપવાનાં રહેશે.
17) કોન્ટ્રાકટરે પ્રાથમીક સારવાર પેટી રાખવાની રહેશે.
18) કોન્ટ્રાકટરે કામનાં સ્થળે વેતનની મુદ્દત અને વેતન ચૂકવણીનું સ્થળ અને સમય દર્શાવતી નોટીસ પ્રદર્શિત કરવાની રહેશે.
19) કોન્ટ્રાકટરે પગારનો દર, કામનાં કલાકો પગારની તારીખ વગેરેની નોટીસ પ્રદર્શિત કરવાની રહેશે.
20) કોન્ટ્રાકટરે અમારા અધિકૃત પ્રતિનીધી સમક્ષ પગારની ચૂકવણી કરી કલમ-૭૩ મુજબ પ્રમાણપત્ર મેળવવાનુ રહેશે.
21) પ્રોવિડન્ડ ફંડ એકટ અન્વયે રાખવા પડતા તમામ રજીસ્ટરો રાખવાના રહેશે.
22) કોન્ટ્રાકટરે મજુર કલ્યાણ ફંડ અધિનિયમ, ૧૯૫૩ અન્વયે કામદાર કલ્યાણ ફાળો ભરવાનો રહેશે.

ઉપરોકત તમામ જોગવાઇઓનુ ચુસ્તપણે અમલ કરવા તેમજ સદર બાબતે ભવિષ્યમાં તપાસ થતાં કોઇ ક્ષતિ જણાશે તો તેની કાયદેસરની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

ઉપરોકત તમામ શરતો મેં વાંચી, વિચારી સમજી લીધી છે જે મને બંધનકર્તા છે.

સ્થળ: _______________

તારીખ : _____________ કોન્ટ્રાકટરની સહી અને સિકકો

Stamp & Signature ____________________